# વર્ગખંડ અને સિનેમાઘર

શિક્ષણ પ્રક્રિયા પર ઘણાં પરિબળો અસર કરે છે. જેમકે, વાતાવરણ, શિક્ષક, વિષયવસ્તુ,શીખવવાની પદ્ધતિ, બાળકની શક્તિ વગેરે. અભ્યાસ માટેનું વાતાવરણ સારું હોય, શિક્ષણને પૂરક હોય તો બાળકને શીખવામાં અને શિક્ષકને શીખવવામાં સરળતા રહે છે. તો એવી જ રીતે શિક્ષક અને શીખવવાની પદ્ધતિ બાળકને અનુરૂપ અને અનુકૂળ હોય તો પણ શિક્ષણ પ્રક્રિયા સારી ચાલે છે. તો એવી જ રીતે શીખવવાનું વિષયવસ્તુ બાળકની કક્ષા મુજબનું રસમય હોય તો બાળકને શીખવું ગમે છે. આવા ઘણાં પરિબળો જ બાળકને વર્ગખંડમાં ખેંચી લાવે છે અથવા તો વર્ગખંડથી દૂર લઇ જાય છે. અન્ય રીતે વિચારીએ તો આજે વર્ગખંડ ખાલી થતાં જાય છે અને સિનેમાઘર હાઉસફૂલ જાય છે. તો એવું તો વર્ગખંડમાં શું નથી અને સિનેમાઘરમાં છે કે જ્યાં વિદ્યાર્થી અને વાલી બંને ખેંચાય છે ?

સિનેમાઘરની કેટલીક મર્યાદાઓ છે. જેમકે, સિનેમાઘરમાં ત્રણ કલાક જવા માટેનો ખર્ચ ઘણો થાય છે. ટીકીટના પૈસા તો ખરા જ, સાથે જવાઆવવાનો ખર્ચ ઉપરાંત નાસ્તાપાણી થાય જ. છતાં લોકો આટલો ખર્ચ કરવા રાજી હોય છે ! ત્રણ કલાક અંધારામાં બોલ્યા ચાલ્યા વગર બેસી રહેવાનું ! લોકોની ભીડ વચ્ચે જવાનું અને બેસવાનું ! છતાં સિનેમાઘરમાં એવું તો શું છે કે જેથી લોકો આટલી મુશ્કેલીને ભૂલીને પૂરો આનંદ ઉઠાવે છે? સિનેમાઘરની જેમ કેટલીક મર્યાદાઓ છે તેમ તેની કેટલીક હકારાત્મક બાબતો પણ છે. આ હકારાત્મક બાબતો જ તેની મર્યાદાને ભૂલાવીને લોકોને આકર્ષે છે. જેમકે, પ્રેક્ષક ચોક્કસ અપેક્ષા લઇને જાય છે, જે મોટાભાગે સંતોષાય છે. ક્યારેક તેને મનગમતા નાયક કે નાયિકાને માણવા જાય છે, તો ક્યારેક ફિલ્મનું વિષયવસ્તુ તેને સિનેમાઘર સુધી ખેંચી જાય છે. ત્રણ કલાક બેસવા માટેની સીટ-બેઠકવ્યવસ્થા ખૂબ જ સારી હોય છે. વાતાનુકુલિત સિનેમાઘરમાં શારીરિક અને માનસિક રીતે હળવાશ અનુભવાય છે. અપેક્ષા ન સંતોષાય તો ઇચ્છો ત્યારે બહાર નીકળી શકાય છે. સિનેમાઘરમાંથી જ્ઞાન, મૂલ્યો, આનંદ વગેરે મળે છે.

તો બીજી બાજુ વર્ગખંડમાં એવું શું છે કે નથી જેથી વિદ્યાર્થીને વર્ગખંડમાં બેસવું કે આવવું ગમતું નથી. તો આ લેખના પ્રથમ ફકરામાં જ એની થોડી વાત કરી જ છે. કે વિદ્યાર્થીને વર્ગખંડનું વાતાવરણ ગમતું ન હોય, શિક્ષક માટે અણગમો હોય, વિષયવસ્તુ રસપ્રદ ન હોય કે શીખવવાની પદ્ધતિ સારી ન હોય વગેરે. તો આ બાબતોને ધ્યાનમાં રાખી સિનેમાઘર પાસેથી શિક્ષણ જગતે થોડું શીખવાની જરૂર છે. દા.ત. જેમ સિનેમાઘરમાં બેઠક વ્યવસ્થા સારી હોય છે તેમ વર્ગખંડમાં બેઠકવ્યવસ્થા એવી હોવી જોઇએ કે જે બાળકોને અનુકૂળ આવે. એવી ઘણી સંસ્થાઓ છે કે જેમાં બે શીફ્ટ ચાલતી હોય, જ્યાં સવારે ધો.૧૧-૧૨ કે કોલેજના વિદ્યાર્થીઓ જે પાટલી પર બેસતા હોય તેની પર જ બપોરની શીફ્ટમાં ધો.૧ થી ૭ના વિદ્યાર્થીઓ બેસતા હોય ! આવી બેઠક વ્યવસ્થા અમુક વિદ્યાર્થીને અનુકૂળ નહીં જ આવે. છતાં તેમણે પાંચથી છ કલાક બેસવાનું ! સિનેમાઘરમાં બાજુમાં બેઠેલ વ્યક્તિ સાથે તમે ફિલ્મ વિશે ચર્ચા કરી શકો. જે બાબત સમજાઇ ન હોય અથવા તો ધ્યાન આપવા લાયક બાબત વિશે બાજુમાં બેઠેલ મિત્ર કે સગાં સાથે વાત કરી શકો. જ્યારે આજના વર્ગખંડમાં શિક્ષકની રજૂઆત વખતે તમે હલનચલન પણ ન કરી શકો કે ન તો તમે બાજુમાં બેઠેલ વિદ્યાર્થી સાથે ધીમા અવાજે પૂછપરછ કરી શકો કે સમજ મેળવી શકો. સિનેમાઘરમાં ફિલ્મ જોવામાં નાયક અને નાયિકાની ભૂમિકા પ્રેક્ષકને જકડી રાખે છે. તેવી રીતે વર્ગખંડમાં શિક્ષકની ભૂમિકા તેટલી આકર્ષક હોય છે ખરી? કેટલાક લોકો પોતાના મન ગમતા નાયકની ભૂમિકા કે રજૂઆતને

કારણે ફિલ્મ જોવાનું પસંદ કરતાં હોય છે . તો તેવી જ રીતે વર્ગખંડમાં પોતાની પસંદગીના શિક્ષકના તાસ વખતે કેટલા વિદ્યાર્થીઓ દોડી જાય છે? અત્યારે ખૂબ ઓછા શિક્ષકો એવા છે કે જેમના તાસમાં વિદ્યાર્થી જવાનું ચૂકતા નથી. નાયક કે નાયિકાનો અભિનય સારો ન હોય અને કંટાળો આવે તેમ લાગતું હોય તો સિનેમાઘર છોડીને બીજા કામે વળગી જવાય, પણ શિક્ષકનું કામ સારું ન હોય અને કંટાળો આવતો હોય તો? સિનેમાઘરમાં ઠલવાતું વિષયવસ્તુ પ્રેક્ષકોની રુચિ પ્રમાણે હોય છે, તો તેવી રીતે અભ્યાસક્રમ કે પાઠયક્રમ એવી રીતે તૈયાર અને રજૂ કરવો જોઇએ કે જેથી વિદ્યાર્થીના રસરુચિ સંતોષાય. સિનેમાઘરમાં જતો પ્રેક્ષક ચોક્કસ અપેક્ષા લઇને જાય છે. જો તે અપેક્ષા ન સંતોષાય તો બહાર આવીને પોતાના મિત્રવર્તળમાં કહેશે જ કે પેલી ફિલ્મ કે નાયક કે નાયિકાનું કામ બરાબર નથી. સિનેમાઘરમાં વિષયવસ્તુની રજૂઆત એવી તો આકર્ષક હોય છે કે જથી પ્રેક્ષક રસિક બની જાય છે, પ્રેક્ષક જકડાઇ રહે છે. તો તેવી રીતે શિક્ષકે પણ પોતાના વિષયવસ્તુની રજૂઆત પણ એવી રીતે કરવી જોઇએ કે જેથી વિદ્યાર્થીઓ પણ રસિક બનીને જકડાઇ રહે.એવી જ રીતે વર્ગખંડમાં આવતો વિદ્યાર્થી પણ ચોક્કસ અપેક્ષા લઇને આવે છે. જો તેની અપેક્ષા શિક્ષક દ્વારા નહીં સંતોષાય તો તે પણ વર્ગખંડની બહાર નીકળીને જે તે શિક્ષક માટે વાત કરવાનો જ છે. સિનેમાઘરમાં વિષયવસ્તુની રજૂઆત કરવામાં ખૂબ જ કાળજી રાખવામાં આવેલી હોય છે. પ્રેક્ષકોને ત્રણ કલાકમાં દુનિયાભરના અનુભવ કરાવવાની ક્ષમતા ફિલ્મના દિગ્દર્શક પાસે હોય છે. તો તેવી રીતે શિક્ષક પણ ધારે તો વિદ્યાર્થીને ઘણાં અનુભવોપૂરા પાડી શકે, પરાંત કાલ્પનિક વિહાર પણ કરાવી શકે.

સિનેમાઘરમાં થતી રજૂઆતમાં પાત્રો સામે હોતા નથી. જ્યારે વર્ગખંડમાં તો શિક્ષક વિદ્યાર્થીની સામે જ હોય છે, આંખમાં આંખ મિલાવીને વાત કરતા હોય છે. તો સ્વાભાવિક છે કે, સિનેમાઘરમાં કરતાં વર્ગખંડમાં વધુ જીવંત વાતાવરણ હોવું જોઇએ. જે દરેક વર્ગખંડમાં જોવા મળે છે ? સિનેમાઘરમાં રજૂ થતું વિષયવસ્તુ દૃશ્ય-શ્રાવ્ય હોય છે. જે દરેક વ્યક્તિને ગમે છે. જ્યારે વર્ગખંડમાં રજૂ થતું વિષયવસ્તુ મોટાભાગે શ્રાવ્ય હોય છે. માટે જ કદાચ વિદ્યાર્થીઓને ઓછું પસંદ આવતું હશે. સિનેમાઘરમાંથી બહાર નીકળ્યા પછી પ્રેક્ષક જે તે ફિલ્મ વિશે તેના મિત્રો સાથે નાની મોટી ચર્ચા કરતો જ હોય છે. તો વર્ગખંડમાંથી બહાર નીકળ્યા પછી આવી ચર્ચા કેટલા વિદ્યાર્થી કરતા હોય છે?

અહીં એ કહેવાનો અર્થ સહેજ પણ નથી કે, વર્ગખંડ કરતાં સિનેમાઘર ચઢિયાતા છે. પણ એટલી હકીકત નક્કર છે કે, સિનેમાઘરમાં એવું કશુંક છે જે લોકોના ટોળે ટોળાને ખેંચી જાય ચે. તો તેમાંથી સારી સારી બાબતો શિક્ષણમાં સ્વીકારીને વિદ્યાર્થીના ટોળેટોળાને વર્ગખંડમાં કેમ લાવી ન શકાય?

**નોંધ : આ લેખમાં એવું ચિત્ર/ફોટો મૂકી શકાય કે જેમાં સિનેમાઘર અને વર્ગખંડ બંને હોય. આ માટે નેટ પરથી અલગ અલગ ચિત્ર લઇને તેને ભેગા કરી શકાય.**